# પ્રકરણ – 1 આમુખ ભાગ – 1

સૌ પ્રથમ **<u>અમેરિકાના</u>** બંધારણમાં આમુખ ( પ્રસ્તાવના) નો સમાવેશ કરવામાં આવ્યો હતો.

- પ્રસ્તાવના ( આમુખ) બંધારણનો પતીવ્હાય અથવા ભૂમિકાને કહેવામાં આવે છે.

**આમુખ**

42 માં (1976) બંધારણીય સુધારા દ્વારા નીચે આપેલા ત્રણ શબ્દો ઉમેરવામાં આવ્યા:

1) સમાજવાદી

2) ધર્મનિરપેક્ષ ( પંથનિરપેક્ષ) (બિન સાંપ્રદાયિક)

3) અખંડીતતા.

**આમુખ એટલે શું?**

ભારતીય બંધારણની પ્રસ્તાવના

પંડિત નેહરુ દ્વારા બનાવવા તથા રજુ કરવામાં આવેલ તથા બંધારણ સભા દ્વારા અપનાવવામાં ( સ્વીકારમાં) આવેલ ઉદ્દેશ્ય પ્રસ્તાવ પર આધારિત છે.

ત્યાર બાદ બંધારણની પ્રસ્તાવના નીચે મુજબ છે.

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ, સમાજવાદી, બિનસાંપ્રદાયિક. લોકતંત્રાત્મક પ્રજાસત્તા તરીકે સંસ્થાપિત કરવાનો તથા તેણે સર્વ નાગરિકોને : સામાજિક, આર્થિક અને રાજકીય ન્યાય વિચાર, અભિવ્યક્તિ, માન્યતા, ધર્મ અને ઉપાસનાની સ્વતંત્રતા દરજ્જો અને તકની સમાનતા, પ્રાપ્ત થાય તેમ કરવાનો, અને તેઓ સર્વમાં વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની એકતા અને અખંડિતતા સુદ્રઢ કરે એવી બંધુતા વિકસાવવાનો ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને અમારી બંધારણ સભામાં 26 નવે. 1949 ના રોજ આ બંધારણ અપનાવી, તેને અધીનીયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

-

- **<u>આમુખ ( પ્રસ્તાવના) ના મહત્વ.;-</u>** આપણા બંધારણના મહાન આદર્શો, દર્શન અને રાજકીય, ધાર્મિક અને નૈતિક મુલ્યોનો ઉલ્લેખ છે.
- **<u>કૃષ્ણસ્વામી ઐય્યર :</u>** બંધારણનું માળખું એ આપણા લાંબાગાળાના સપનાઓનો વિચાર છે.
- **<u>કે.એમ.મુન્શી:</u>** પ્રસ્તાવના આપણી સાર્વભૌમિક લોકાતંત્રાત્મક ગણરાજ્યનું ભવિષ્યફળ છે.
- **<u>પંડિત ઠાકુરદાસ ભાર્ગવ :</u>** આમુખ બંધારણનો સન્માનનીય ભાગ છે.તે **<u>બંધારણનો આત્મા,</u>** બંધારણનીચાવી છે. આ બંધારણનું આભુષણ છે. આ એક યોગ્ય સ્થાન છે. જ્યાંથી કોઈપણ બંધારણનું મૂલ્યાંકન કરી શકે છે.
- **<u>સર અર્નેસ્ટ બાર્કર:</u>** તેઓ પ્રસ્તાવનાને **<u>'કુંજી નોટ'</u>** કહે છે. એમણે કહ્યું કે આ પ્રસિધ્ધ પુસ્તકની શરૂઆત છે (પ્રિન્સિપલ્સ ઓફ સોશલ એન્ડ પોલીટીકલ થીયરી 1951)
- **<u>એમ. હિદાયતુલ્લા ( પૂર્વ CJI)</u>** : આ **<u>અમેરિકાની સ્વતંત્રતા</u>** જાહેરાત સમાન છે. પરંતુ આ જાહેરાતથી પણ કઈંક વધારે છે. આ **<u>આપણા બંધારણનો આત્મા</u>** છે.તેમાં અપણા રાજકીય સમાજના નિયમો દર્શાવ્યા છે. આમાં એક ગંભીર સંકલ્પ છે. **<u>જેમાં એક ક્રાંતિ પરિવર્તન</u>** કરી શકે છે.

iamofficer.com

➢ **બંધારણના એક ભાગ તરીકે પ્રસ્તાવના :** પ્રસ્તાવના બંધારણનો ભાગ છે. કે,નહી. આ બાબત હંમેશા વિવાદાસ્પદ રહી છે.

## બેરુબરી સંઘ ( 1960) નો કેસ

- ઉચ્ચતમ ન્યાયાલયે આ કેસમાં કહ્યું કે, આમુખ બંધારણનો નિહિત સામાન્ય ઉદેશ્યોને દર્શાવે છે, બંધારણ નિર્માતાઓના મગજમાં હતાં. આમુખના મહત્વને ઉચ્ચત્તમ સ્વીકારવા આ ઉદેશ્યોને વ્યાખ્યા કરતાં ઉચ્ચત્તમ ન્યાયાલયે કહ્યું કે, **આમુખ બંધારણનો** ભાગ નથી.

## કેશવાનંદ ભારતી કેસ ( 1973)

- અગાઉની વ્યાખ્યાને અસ્વીકાર કરતાં ઉચ્ચતમ ન્યાયાલયે કહ્યું કે, આમુખ બંધારણનો ભાગ છે. L.I.C. of India ( 1995) ના કેસમાં પણ ઉચ્ચતમ ન્યાયાલયે આમુખને બંધારણનો આંતરીક ભાગ ગણાવ્યો છે.

❖ **Note :- પ્રસ્તાવનાને છેલ્લે સામેલ કરવામાં આવી હતી.**

<u>બંધારણનો ભાગ હોવા છતાં બે બાબતો યાદ રહે;</u>

1) આમુખ ધારાસભાની શક્તિઓના સ્ત્રોત નથી.તથા તેની શક્તિ પર પ્રતિબંધ લગાવી શકાશે નહી.
2) આમુખ **<u>ગૈર – ન્યાયિક</u>** છે, એટલે કે, આની વ્યવસ્થાને ન્યાયાલયમાં પડકારી શકાય નહી.

❖ **આમુખમાં સંશોધનની સંભાવના**

બંધારણમાં આમુખમાં તેના મૂળ ખ્યાલોને નુકસાન ન પહોચે એ રીતે **<u>સંશોધન</u>** <u>368</u> હેઠળ કરી શકાય છે.

પ્રસ્તાવનામાં માત્ર **<u>એક જ વાર 1976 ( 42) ( સુધારો) માં</u>** સંશોધન કરવામાં આવે છે. જે અંતર્ગત ત્રણ નવા શબ્દો ઉમેરવામાં આવ્યા.

1) સમાજવાદી
2) બિનસાંપ્રદાયિકતા
3) અખંડીતતા.

❖ **કેટલાક અન્ય તથ્યો :-**

1) નહેરૂ દ્વારા <u>13 ડિસે. 1946</u> માં આમુખનો પ્રસ્તાવ લાવવામાં આવ્યો જેને બંધારણસભાએ 22 જાન્યુ. 1947 ના રોજ સ્વીકાર કર્યો.
2) **<u>ભારત રાષ્ટ્ર સંઘનું સભ્ય 1943 માં બન્યું .</u>**
3) ડેમોક્રેસી – ડેમોસ – લોકો } **<u>લોકોનું શાસન</u>**
   ક્રીયા – શાસન }

**<u>જનમત</u>** :- સીધા મતદાન દ્વારા વિધાયી વ્યવસ્થા નક્કિ કરવી.

**<u>રિકોલ</u>** :- મતદાન દ્વારા તેમના પ્રતિનિધિને પરત બોલાવી શકે છે.

iamofficer.com

**જનમતથી નિર્ણય** :- સાર્વજનિક મહત્વના મુદ્દા પર લોકોની સલાહ લઈ નિર્ણય લેવામાં આવે છે.
**સામાન્યરીતે ક્ષેત્રીય વિવાદ** નિવારવા આનો પ્રયોગ થાય છે.

iamofficer.com

## પ્રકરણ -2.મૂળભૂત હકો અને ફરજો(7 છતાં પણ મિલકતનો રદ થતાં હકો છ (6) છે.)

## ભાગ – 3

❖ **મૂળભૂત અધિકારો**

- બંધારણના **ભાગ – 3માં કલમ – 12 થી 35** સુધી.
- **અમેરિકાના બંધારણમાંથી** લેવામાં આવેલ છે.

- **<u>ભારતનો મેગ્નાકર્ટા</u>**' ની સંજ્ઞા આપવામાં આવી છે.
- મૂળભૂત અધિકારોનું વિસ્તૃત વર્ણન આપણા બંધારણમાં આપવામાં આવેલ છે, એટલ**<u>વિશ્વના</u>** કોઈ દેશના **<u>બંધારણમાં</u>** નથી.
- મૂળભૂત અધિકારો દ્વારા બંધારણ વ્યક્તિની સુરક્ષાની ગેરંટી આપે છે. વ્યક્તિના મૂળ અધિકારોનું હનન થાય તો, **<u>અનુચ્છેદ -32 હેઠળ ઉચ્ચતમ ન્યાયાલયમાં જઈ શકે</u>** છે. પરંતુ કોઈ વ્યક્તિના **<u>ન્યાયોચિત</u>** અધિકારોનું હનન થાય તો પીડિત વ્યક્તિ આ સુવિધાનો ઉપયોગ કરી શકે નહિ. તે સાધારણ વ્યવસ્થા અંતર્ગત **<u>અનુચ્છેદ – 226 ઉચ્ચન્યાયાલયમાં જઈ શકે</u>** છે.
- **મૂળભૂત અધિકારો** : **મૂળ** બંધારણમાં **<u>સાત મૂળ</u>** અધિકાર આપવામાં આવેલ પરંતુ 44માં બંધારણીય સુધારા દ્વારા **<u>સંપત્તિનો અધિકાર</u>** રદ્દ કર્યો છે.
- બંધારણના **<u>ભાગ – 12</u>** ના **<u>અનુચ્છેદ – ૩00A</u>** અંતર્ગત **<u>કાયદાકીયઅધિકાર</u>** બનાવવામાં આવેલ છે.

**વિશેષતાઓ** : - કેટલાક અધિકાર માત્ર ભારતના નાગરિકો માટે છે. જ્યારે કેટલાક વિદેશી લોકો, અથવા કાયદાકીય વ્યક્તિઓ જેમ કે, પરીષદો અને કંપનીઓ માટે છે.

→ કટોકટી દરમિયાન ( **<u>અનુ. ૨૦ અને 21 માં આપેલ અધિકારો સિવાય</u>**) આ **<u>અધિકારો</u>** પ્રભાવી રહેતા ( નાબુદ કરી શકાય છે) નથી.

**અનુ. 19** માં ઉલ્લેખેત 6 મૂળ અધિકાર ત્યારે સ્થગિત કરી શકાય જ્યારે યુધ્ધ અથવા વિદેશી હસ્તક્ષેપના આધારે રાષ્ટ્રીય કટોકટી જાહેરાત કરવામાં આવી હોય.

**અનુ. 31(અ)** (સંપતિ વગેરેનું અધિગ્રહણ પર કાયદાકિય રક્ષણ) ઉપર કાર્યવાહીની કેટલીક સીમાઓ છે.

**અનુ. 31(બ)** : - (કેટલાક અધિનિયમોનું પ્રભાવીકરણ અને નિયમિતિકરણને ૭ મી અનુસુચિમાં મુકવામાં આવેલ છે.)

**અનુ. 31.(ક)** (કેટલાક નીતીગત સિધ્ધાંતોના પ્રભાવીપણા પર કાયદા દ્વારા રક્ષણ)

**અનુ. 99** : - સશસ્ત્ર બળો, અર્ધ સૈનિક બળો, પુલીસબળો, ગુપ્તચર સંસ્થાઓ જેવી સેવા સાથે સંબંધિત સેવાઓની કાર્યવાહી પર સંસદ પ્રતિબંધ મૂકી શકે છે.

**અનુ. 34** : - જ્યાં સૈનિક શાસન પ્રભાવી હોય ( અસામાન્ય પરિસ્થિતિમાં) ત્યાં મૂળભૂત અધિકારો નું ક્રીયાવિધન રોકી શકાય છે.

જેમકે, જમ્મુ –કાશ્મીરમાં AFSPA(Armed force special powers Act – 1958) અમલમાં છે.

**<u>અનુ. 35</u>** : - દેશની એકતા માટે સંસદ કાયદો બનાવી શકે છે.(જે હત્યાઓનાં ભાગ હેઠળ ગુના તરીકે જાહેર થયા હોય તેના માટે શિક્ષા કરાવવાની જોગવાઈ)

**<u>અનુ. 12 વ્યાખ્યા</u>**( મૂળભૂત અધિકારોના સંબંધમાં 'રાજ્ય'ની વ્યાખ્યા)'રાજ્ય'માં ભારતની સરકાર અને સંસદ તથા રાજ્યો પૈકી દરેક રાજ્યની સરકાર અને તેનું વિધાનમંડળ તથા ભારતના રાજ્ય ક્ષેત્રો ની અંદરના અથવા ભારત સરકારના નિયંત્રણ હેઠળના તમામ સ્થાનિક કે બીજા મંડળોને સમાવેશ થાય છે.

iamofficer.com

1) સંધીય સરકાર, 2) રાજ્ય સરકાર, 3) સ્થાનિય એકમો, નગરપાલિકા પંચાયત, જિલ્લા બોર્ડ,4) વૈધાનિક. ગૈરવૈધાનિક પ્રાધિકરણ જેમ કે, L.I.C. , O.N.G.C. , SAIL વિગેરે.

Note : **<u>- ઉચ્ચત્તમ ન્યાયાલયે</u>**, કોઈ પણ ખાનગી એકમ કે એજન્સી જે **<u>સંસ્થા</u>** તરીકે કાર્ય કરે છે. એને

**<u>અનુ. 12</u>** અંતર્ગત 'રાજ્ય' કહ્યું છે.

**<u>અનુ. 13</u>** મૂળભૂત અધિકારો સાથે અસંગત હોય તેવા અથવા તેમાં ઘટાડો કરતાં કાયદા. **<u>અર્થાત</u>**

**<u>સ્પષ્ટ</u>**તા : - કોઈ પણ કાયદો જે મૂળભૂત અધિકારોને બદલે, તે કાયદો શૂન્ય ( અવૈદ્ય) છે. બીજા શબ્દોમાં કહીએ તો, આ ન્યાયિક સમીક્ષા યોગ્ય છે. જેની શક્તિ **<u>32 અંતર્ગત</u>** **<u>ઉચ્ચત્તમ</u>** ન્યાયાલય અને **<u>226 અંતર્ગત</u>** ઉચ્ચ ન્યાયાલયને છે.

જે **<u>કોઈ પણ કાયદાને મૂળભૂત અધિકારોને હનન કરતો હોત, તેને શૂન્ય જાહેર કરી શકે</u>** છે.

Note : - આમ, અનુચ્છેદ -13 જાહેર કરે છે કે, બંધારણીય સુધારો કોઈ કાયદો નથી એટલે એને પડકારી શકાય છે. ( **<u>1973. કેશવાનંદ</u>** ભારતી કેસમાં કહ્યું છે કે, **<u>મૂળ અધિકારોનું</u>** હનન બાબતે બંધારણીય સુધારાને પડકારી શકાય છે.)

## સમાનતાનો અધિકાર (14 થી 18)

### <u>અનુ. 14 : - કાયદા સમક્ષ સમાનતા</u>

**અર્થ** : - દરેક વ્યક્તિ જે દેશની નાગરિક હોય, વિદેશી હોય બધાં ઉપર સમાન અધિકાર લાગું પડે છે. પ્રત્યેક 'વ્યક્તિ' : - આ શબ્દ કાયદાકીય વ્યક્તિમાં આવે છે. ભલે એ ગૈર-બંધારણીય પરીષદ, કંપની, રજીસ્ટર્ડ સમિતિ અથવા અન્ય વ્યક્તિ હોય.

**મૂળવિચાર** : - **<u>બ્રિટનના બંધારણનો</u>** છે.

જ્યારે ' **<u>કાયદાની સમાન સુરક્ષા' અમેરિકી</u>** સિધ્ધાંત છે.

**અપવાદ ( Note)** : -ભારતના રાષ્ટ્રપતિ, રાજ્યોના રાજ્યપાલ, લોકસેવક, ન્યાયાધિશ, વિદેશ કુટનીતિજ્ઞને **<u>વિશેષ સુવિધાઓ, સુરક્ષા</u>** વગેરે મળે છે.

**<u>અનુ. ૧૫</u>** : - 1) કોઈ પણ નાગરિકની સામે ફક્ત જાતી, ધર્મ, જ્ઞાતિ, લિંગ, જન્મસ્થાનના આધારે ભેદ – ભાવ કરી શકાશે નહી. આમાં મુખ્ય બે શબ્દોની કઠોર વ્યાખ્યા છે. 'ફક્ત' અને જાતિભે-દ. જેમાં ફક્ત શબ્દનો અર્થ છે કે **<u>અન્ય આધાર પર</u>** મતભેદ કરી શકાય છે.

**<u>અનુ. 15 (2) મતભેદ ( ભેદભાવ) નહી કરી શકાય</u>** : -1. એટલે દુકાનો, જાહેર રેસ્ટોરામાં જાહેર મનોરં-જનના સ્થળોમાં પ્રવેશ અથવા 2. રાજ્ય નાણામાંથી પૂર્ણત : કે અંશત : નીભાવાના અથવા આમ જનતાના ઉપયોગ માટે અર્પણ કરાયેલા કુવા, તળાવો, સ્નાનઘાટો, રસ્તા-ઓ સાર્વજનિક સ્થળોના ઉપયોગને લગતી નિયોગ્યતા, દાયિત્ય, નિયંત્રણ અથવા શર-તોને આધીન રહેશે નહી.

- ભેદભાવ કરી શકાશે એમાં સામાન્ય રીતે બે બાબતોની છૂટ છે : -

iamofficer.com

15 (3) {A} રાજ્યને એ બાબતની અનુમતિ છે કે, એ બાળકો અને સ્ત્રીઓ માટે વિશેષ વ્યવસ્થા કરે.ઉદા. સ્થાનીય એકમો માં મહિલાઓ માટે અનામત તથા બાળકો માટે મફત શીક્ષણની વ્યવસ્થા.

15 (4) {B} એ જ રીતે રાજ્યને એવી અનુમતિ છે કે, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો કે અનુ.જાતિ તથા અનુ. જનજાતિના વિકાસ માટે વિશેષ વ્યવસ્થા કરે.

અનુ. 16 જાહેર નોકરીની બાબતોમાં તકની સમાનતા : -

16 (1) – રાજ્ય હેઠળની નોકરી અથવા હોદ્દા પર નિમણુંક અંગેની બાબતમાં તમામ નાગરિકો માટે તકની સમાનતા રહેશે.

16 (2) – કોઈ પણ નાગરિક ફક્ત જાતિ, જ્ઞાતિ, ધર્મ, લિંગ, કુળ, જન્મસ્થાન, નિવાસના આધારે રાજ્ય હેઠળ કોઈ નોકરી કે હોદ્દા માટે અપાત્ર ગણાશે નહી.

16 (3) – કોઈ નોકરી અથવા હોદ્દા પરની નિમણુંક પહેલા એવી નોકરી અથવા નિમણુંકના વર્ગ તથા વર્ગોના સંબંધમાં તે રાજ્યની અંદર નિવાસ કરવાનું આવશ્યક ઠારાવતો કાયદો સંસદ કરી શકશે.

16 (4) – રાજ્ય હેઠળની નોકરીઓમાં જે લોકોનું પુરતું પ્રતિનિધિત્વ મળ્યું ન હોય તેવા પછાત-વર્ગોના નાગરિકોના લાભમાં નિમણુંકો અથવા જગ્યાઓ અનામત રાખવાની જોગવાઈ કરી છે.

16 (5) – **ધાર્મિક અને સાંપ્રદાયિક** સંસ્થાના કામકાજમાં અમુક વિશેષ સંપ્રદાયનો વ્યક્તિ હોવો જોઈએ એવી જોગવાઈને આ અનુચ્છેદથી **હરાવી શકાશે** નહી.

અનુ. 17 – **અસ્પૃશ્યતા નાબુદી**

આ અનુચ્છેદ દ્વારા અસ્પૃશ્યતા સમાપ્ત કરવાની વ્યવસ્થા તથા કોઈ પણ રીતે આના પ્રયોગ ઉપર પ્રતિબંધ મુકે છે.

1976 માં **અસ્પૃશ્યતા ( અપરાધ) અધિનિયમ – ૧૯૫૫માં** સંશોધન કરી નવું નામ **‘ નાગરિક અધિકારોનું રક્ષણ અધિ. 1955’** આપવામાં આવ્યું. આ **કાયદાના ઉલ્લંઘન બદલ 6 માસની સજા અથવા 500 રૂ. દંડ અથવા બંને** સામેલ છે. દોષિત થયે તે વ્યક્તિ સંસદ કે રાજ્ય વિધાન સભાની ચૂંટણી માટે અયોગ્ય જાહેર કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

અનુ.18 – **ખીતાબોની નાબુદી** ( ઉપાધીઓનો અંત)

1) **લશ્કરી** અથવા **શૈક્ષણીક વિશિષ્ટમાન** ન હોય તેવો કોઈ ખિતાબ **રાજ્યથી** એનાયત કરી શકાશે નહી.
2) ભારતના દરેક **નાગરીકને વિદેશો પાસેથી ઉપાધી લેવા ઉપર** પ્રતિબંધ છે.
3) કોઈ પણ **વિદેશી લાભના** પદ પર હોય તે રાષ્ટ્રપતિની અનુમતિ સિવાય **વિદેશી રાજ્ય** પાસે થી **કોઈ પદવી લઈ** શકશે નહી.
4) રાષ્ટ્રપતિની મંજુરી વગર રાજ્ય અંતર્ગત કોઈ લાભના પદ પર હોય તેવી વ્યક્તિ કે વિદેશી

iamofficer.com

કોઈ અન્ય દેશ પાસેથી સુવિધા, વેતન, ભથ્થા લઈ શકશે નહી.

આમ, ઉપરોક્તમાં એવું અમલ કરવામાં આવ્યું છે કે, ઔપનેવેશિક રાજ્ય સમયે અપાયેલ વંશાનુગત પદ જેમકે, **મહારાજા, રાયબહાદુર, રાજબહાદુર, રાજ સાહેબ, દીવાન, બહાદુર** વગેરેની **અનુચ્છેદ 10** અંતર્ગત **પ્રતીબંધન કરાયા** છે.

- 1960 માં **ઉચ્ચતમ ન્યાયાલયે** રાષ્ટ્રીય પુરસ્કાર જેવા કે, **ભારત રત્ન, પદ્મવિભુષણ, પદ્મભૂષણ પદ્મશ્રી** વગેરેને **બંધારણીય** માન્યતા આપી છે. **પરંતુ, વ્યક્તિ** તેના **નામની આગળ કે પાછળ આનો ઉલ્લેખ કરી શકાશે નહી.**
- આ પુરસ્કારોની સ્થાપના 1954 માં થઈ. **1977 માં મોરારજીદેસાઈ સરકારે** આનો ક્રમ તોડી નાખ્યો પરંતુ 1980 માં પુનઃ ઈંદિરા ગાંધી સરકાર દ્વારા શરૂ કરવામાં આવ્યા.

## સ્વતંત્રતાનો અધિકાર

**અનુ.19** – દરેક નાગરીકને છ (6) પ્રકારના અધિકારની ગેરંટી આપે છે.

1) **વિચાર અને વાણી** ( અભિવ્યક્તિની ) **સ્વતંત્રતા.**
2) **શાંતિપૂર્વક** હથિયાર વગર **એકઠા** થવાની,
3) **મંડળો** અથવા **સંઘો** રચવાનો,
4) **ભારતના** રાજ્યક્ષેત્રમાં સર્વત્ર મુક્તમને ફરવાની,
5) **ભારતના રાજ્યક્ષેત્રમાં** ગમે ત્યાં **નિવાસ કરવાનો** અને સ્થાયી થવાનો,
6) ગમે તે **વ્યાપાર, ધંધો, કામકાજ કરવાનો** હક રહેશે.

Note :- આ અધિકાર વિદેશી અથવા કાયદાકીય લોકો જેવા કે, કંપની પરીષદો માટે નથી.

**અન્ય :-** રાજ્ય કેટલીક પરિસ્થિતિમાં આ અધિકાર ઉપર પ્રતિબંધ લગાવી શકે છે. જેમ કે,

(A) ભારતની એકતા અખંડિતા ( સાર્વભૌમત્વ), સાર્વજનિક આદેશ, નૈતિકતા બનાવવા, ન્યાયાલયનો તિરસ્કાર, કોઈ અપરાધની સ્થિતિમાં.

{(A) - રાજ્યની સુરક્ષા, વિદેશી રાજ્ય સાથે મૈત્રીપૂર્ણ સંબંધ બનાવવા.}

- શાંતિપૂર્ણ હથિયાર વગર મળી શકાય. પરંતુ યાદ રહે **હડતાળનો અધિકાર નથી.**
- રાજ્ય સંગઠિત થવા પર નીચેની બાબતે પ્રતિબંધ લગાવી શકે છે.

  આપારાધિક વ્યવસ્થાની **ધારા – 144** – ન્યાયાધિશ કોઈ સંગઠિત બેઠક પર પ્રતિબંધ લગાવી શકે છે. જો એનાથી ( જાહેર) **માનવજીવન માટે ખતરો સ્વાસ્થ્ય કે સુરક્ષા અથવા સાર્વજનિક જીવનમાં હુલ્લડો થવાનો** ભય હોય.

- **ભારતીય દંડ સંહિતાની કલમ :- 141 :** **પાંચ કે તેથી વધુ લોકોનું સંગઠન ગૈર કાનૂની હોય** શકે જો,

  **1)** કાયદાકીય પ્રક્રિયા માટે અવરોધ ઊભો થાય,
  **2)** કેટલાક લોકોની સંપતિ પર બળજબરી કબજો હોય,
  **3)** કોઈ ગુનાકીય કૃત્યની ચર્ચા હોય,
  **4)** લોકો પર ગેરકાનૂની કામ માટે દબાણ કરવાનો આશય હોય,
  **5)** સરકાર અથવા એના કાર્યાલયો સંબધિ બાબતો ( Issue ) પર ધમકી મળી રહી હોય.

iamofficer.com

**અનુ. 20 – ગુના માટે દોષિત ઠરાવવા અંગે રક્ષણ : -**

કોઈ પણ દોષિત જાહેર થયેલ વ્યક્તિ ભલે તે, નાગરિક હોય, વિદેશી અથવા કંપની કે પરીષદનો કાયદાકીય વ્યક્તિ હોય, અનુ. 20 ચુકાદા સામે રક્ષણ આપે છે. જેની ત્રણ અવસ્થા છે.

1) કોઈ વ્યક્તિ પર જે કૃત્ય માટે ગુનાનું તહોમત ( આરોપ) મુકાયો હોય તે કૃત્ય કરતી વખતે અમલમાં હોય તે કાયદાનો તેણે ભંગ કર્યો હોય તે સિવાયના કોઈ ગુના માટે તેને દોષિત ઠરાવી શકાશે નહી. તેમજ ગુનો કરતી વખતે અમલમાં હોય તે કાયદા અનુસાર કરી શકાય હોય તેથી વધુ શિક્ષા કરી શકાશે નહી.
2) એક જ ગુના માટે કોઈપણ વ્યક્તિ ઉપર એકથી વધુ વાર કામ ચલાવીને તેણે શિક્ષા કરી શકાશે નહી.
3) કોઈ ગુનાનો આરોપ મુકાયેલો હોય એવી કોઈ વ્યક્તિને પોતાની વિરુધ્ધ સાક્ષી બનવાની ફરજ પડી શકાશે નહી.

**અનુ. 21 – દૈહિક સ્વતંત્રતા ( જીવન અને શરીર સ્વાતંત્રનું રક્ષણ)**

કાયદાથી સ્થાપિત કાર્યરીતિ અનુસાર હોય તે સિવાય કોઈ વ્યક્તિનું જીવન કે શરીર સ્વાતંત્ર્ય છીનવી લઇ શકાશે નહી.

**21. ક** : - (6 – 14) છ થી ચૌદ વર્ષની વય સુધીના તમામ બાળકોને **મફત અને ફરજિયાત શિક્ષણની** વ્યવસ્થા. ( 86 મો બંધારણ નો સુધારો **2002 ફરજ)**

**અનુ. 22 - અમુક દાખલામાં ધરપકડ અને અટકાયત સામે રક્ષણ** : -

આ અનુચ્છેદ કોઈ પણ વ્યક્તિને **ધરપકડ તથા અટકાયત વિરુધ્ધ** રક્ષણ પરૂં પાડે છે.

અનુ.22 ના બે ભાગ છે. 1) **સાધારણ કાયદાની** બાબતો.

1) નિવારક અટકાયત બાબતો.

**પહેલો ભાગ** : - વ્યક્તિ જેની સામાન્ય કાયદા દ્વારા અટકાયત કરવામાં આવી છે.

1) ધરપકડનું કારણ આપવાનો હક.
2) વકીલની સલાહ બચાવ કરવાનો હક.
3) મેજિસ્ટ્રેટ સમક્ષ **24** કલાકમાં ( મુસાફરી સમય સહિત) હાજર કરવાનો હક.
4) મેજિસ્ટ્રેટ દ્વારા વધુ સમય અટકાયત માટે મળે તે સિવાય **24** કલાકમાં છોડી મુકવાનો હક.

NOTE : - 1. આ સુરક્ષા કવચ **શત્રુદેશની** વ્યક્તિ અથવા 2. નિવારક અટકાયત માટેની જોગવાઈ કરતાં કોઈ કાયદા અનુસાર ધરપકડ કરાયેલી અથવા અટકમાં રાખેલી કોઈ વ્યક્તિને લાગુ પડશે નહિ.

**અનુ. 22 બીજો ભાગ** : - માં એવા વ્યક્તિઓને સુરક્ષા આપે છે જેમની દંડ વિષયક કાયદા અંતર્ગત ધરપકડ કરવામાં આવી છે. જેમાં નાગરિક, વિદેશી બંને માટે છે.

1) વ્યક્તિની અટકાયત **ત્રણ માસથી** વધુ વધારી શકાય નહી, જ્યાં સુધી સલાહકાર બોર્ડ આના માટે યોગ્ય કારણ ન આપે.
2) આકરતનો આધાર સંબંધિત વ્યક્તિને બતાવવામાં આવ્યો જોઈએ, સિવાય કે જાહેર હિત વિરુધ્ધ હોય તો ન બતાવી શકાય.

iamofficer.com

3) અટકાયતી વ્યક્તિને અટકાયત આદેશો વિરુધ્ધ પોતાની પ્રતિનિધિ રાખવાનો હક છે.

- સંસદ દ્વારા બનાવેલ કેટલાક <u>નિવારક અટકાયત કાયદા</u>

1) નિવારક હિરાસત અધિ. **1950, 1969** માં સમાપ્ત.

2) **MISA** ( આંતરિક સુરક્ષા અધિ. ) **Main of internal security act <u>– 1971,</u>** 1978 માં બંધ

3) **<u>COFEPOSA</u> <u>– વિદેશી મુદ્રાનું</u>** સંરક્ષણ અને <u>વ્યસન નિવારણ અધિ</u>. **1974**

4) NASA – ( રાષ્ટ્રીય સીક્ષા અધિ. 1980) -

5) **<u>PBMSECA</u>** – **<u>કાળાબજારી નિવારણ</u>** તથા આવશ્યક વસ્તુ ની આપૂર્તિ સંબંધી અધિ. **1980**

**6) TADA – <u>આતંકવાદી અને પ્રવૃત્તિ અધિ. 1985 -1995 માં નાબુદ</u>**

7) **<u>PITNPSPA</u>** – માદક દ્રવ્ય જેથી માનસિક વસ્તુઓ વગેરેના ગૈરકાનુની ધંધા નિવારણ એક્ટ – **1988.**

## <u>શોષણ વિરુદ્ધનો અધિકાર</u>

**<u>અનુ. 23</u> - <u>મનુષ્ય – વેપાર અને બળજબરીથી કરાવતી મજુરી ઉપરનો પ્રતિબંધ.</u>**

23 (1) : - મનુષ્ય વેપાર અને વેઠ તેમજ તેના જેવી બળજબરીથી કરાવતી બીજા કોઈ પ્રકાર-ની મજૂરીનો પ્રતિબંધ કરવામાં આવે છે. અને આ જોગવાઈનું ઉલ્લંધન કાયદા મુજ-બ શિક્ષાપાત્ર ગુનો બને છે.

પરંતુ : - (2) જાહેર હેતુઓ માટે **<u>ફરજિયાત સેવા રાજ્ય</u>** કરાવી શકે છે. **<u>આ સેવા કરાવવામાં</u>** રાજ્ય ફક્ત ધર્મ, જાતી, જ્ઞાતિ, વર્ગ કે તેમાંના કોઈ કારણે ભેદભાવ કરી શકશે નહી.

**<u>અનુ. 24</u> – <u>કારખાનાં વગેરેમાં બાળકોને નોકરીએ રાખવાનો પ્રતિબંધ.</u>**

**<u>ચૌદ</u>** વર્ષથી નીચેની વયના બાળકોને કોઈ કારખાનાં કે ખાણમાં કામે રાખી શકાશે નહી તેમજ બીજા જોખમવાળા કામમાં રોકી શકાશે નહી.

## <u>ધાર્મિક સ્વતંત્રતાનો અધિકાર</u>

**<u>અનુ. – 25</u>** – કોઈ પણ ધર્મ પાળવાનો અને પ્રચાર કરવાનો અધિકાર. દરેક વ્યક્તિઓને ધર્મની વિવેચનાનો અધિકાર, અને સ્વતંત્રતા પુર્વક અપનાવવાની ( પાળવાની) સ્વતંત્રતા.

(1) જાહેર વ્યવસ્થા, નીતિમતા અને સ્વાસ્થ્યને બાધ ન આવે એ રીતે અને આ ભારતની અન્ય જોગવાઈઓને આધીન રહીને, તમામ લોકોને અંતઃ કરણની સ્વતંત્રતાનો અને મુક્ત રીતે ધર્મ પાળવાનો, માનવાનો અને તેનો પ્રચાર કરવાનો સમાન હક રહેશે.

- **જેમાં નીચે મુજબની સ્વતંત્રતા છે.**

(1) વિવેચનનો અધિકાર (2) સ્વીકાર કરવાનો અધિકાર (3) કાર્યનો અધિકાર

(4) પ્રસારણનો અધિકાર.

**<u>અનુ. – 26</u> – <u>ધાર્મિક બાબતોનો ( સંસ્થા સ્થાપવાનો) વહીવટ કરવાનું સ્વાતંત્ર્ય :</u>**

(ક) ધાર્મિક અને સખાવતી હેતુઓ માટે સંસ્થાઓ સ્થાપવાનો અને નિભાવવાનો.

(ખ) ધાર્મિક બાબતોમાં, પોતાની બાબતોનો પોતે વહીવટ કરવાનો.

iamofficer.com

(ગ) સ્થાવર અને જંગમ મિલકતની માલિકીનો અને સંપાદનનો, અને

(ધ) એવી મિલકતનો કાયદાનુસાર વહીવટ કરવાનો હક રહેશે.

**અનુ.-27** – કોઈ ખાસ ધર્મની અતિવૃદ્ધિ માટે ભરવાનો કર અંગે સ્વતંત્રતા.

જેની આવક અમુક ધર્મ કે સંપ્રદાયની અતિવૃદ્ધિ અથવા નિભાવ માટેનું ખર્ચ ચુકવવા ખાસ વિનિયોગ હોય તેવો કર ભરવાની કોઈ પણ વ્યક્તિને ફરજ પાડી શકાય નહી.

**NOTE** - **તીર્થ યાત્રિયો પર કર** લગાવી શકાય છે. જેથી તેમને અમુક વિશેષ **સુવિધા, સુરક્ષા** આપી શકાય.

**અનુ. – 28** – અમુક **શિક્ષણ સંસ્થાઓમાં ધાર્મિક શિક્ષણ** અથવા ધાર્મિક ઉપાસનામાં હાજરી અંગે સ્વતંત્રતા.

(1) રાજ્યના નાણામાંથી નિભાવ કરતી શિક્ષણ સંસ્થામાં કોઈપણ **પ્રકારનું ધાર્મિક શિક્ષણ આપી** શકાશે નહી.

(2) રાજ્ય જેનો વહીવટ કરતું હોય પણ ધાર્મિક શિક્ષણ આપવાનું ફરજિયાત બનાવતી દેણગી કે ટ્રસ્ટ હેઠળ સ્થાપવામાં આવેલી શિક્ષણ સંસ્થાને લાગું પડશે નહી.

**સાંસ્કારિક અને શૈક્ષણિક હકો**

**અનુ. – 29** – **લઘુમતિઓના હિતોનું રક્ષણ**.

(1) ભારતના રાજ્યક્ષેત્રમાં અથવા તેના કોઈ ભાગમાં વસતા અને **પોતાની અલાયદી ભાષા, લીપી** અથવા **સંસ્કાર** ધરવતાં નાગરિકોને કોઈ વિભાગને તે જાળવી રાખવાનો હક રેહશે.

(2) રાજ્ય **વડે નિભાવાતી** ૩ **રાજ્યના નાણામાંથી** સહાય મેળવતી કોઈ **શિક્ષણ સંસ્થામાં** ફક્ત ધર્મ, જાતી, જ્ઞાતિ, ભાષા અથવા એમાંના કોઈ કારણે નાગરિકને પ્રવેશનો ઇન્કાર કરી શકાશે નહી.

**અનુ. 30** - **શિક્ષણ સંસ્થાઓ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો લઘુમતીઓનો હક** :

(1) **ધર્મ કે ભાષા** ઉપર આધારિત તમામ લઘુમતીઓને પોતાની પસંદગીની શિક્ષણ સ્થાપવાનો અને તેમનો વહીવટ કરવાનો હક રહેશે.

(2) કોઈ શિક્ષણ સંસ્થા ધર્મ અથવા ભાષા ઉપર આધારિત કોઈ લઘુમતીના વહીવટ હેઠળ હોય એ શિક્ષણ સંસ્થાઓને સહાયક અનુદાન આપતી વખતે રાજ્યથી, તેની સામે ભેદભાવ કરી શકાશે નહી.

**કલમ -૩૨** - **બંધારણીય ઈલાજોનો અધિકાર**

મૂળભૂત અધિકારો પ્રાપ્ત કરવાથી મૂળભૂત અધિકારોને સુરક્ષા પ્રદાન કરવામાં આવી છે. આ વ્યવસ્થા મૂળ અધિકારોને વાસ્વિક બનાવે છે. **ડૉ. આંબેડકરે** કહ્યું છે, **“ આ અનુચ્છેદ વગર બંધારણ અર્થહીન છે. આ બંધારણનું હદય અને આત્મા છે**.”

ઉચ્ચતમ ન્યાયાલને કહ્યું છે કે આ અનુચ્ચેદમાં બંધારણની મુખ્ય વિશેષતાએ છે જેને સંશોધન દ્વારા બદલી શકાય નહી. જે **ચાર છે**.

(1) મૂળભૂત અધિકારોની ગેરંટી અને ક્રિયાન્વહન માટે **ઉચ્ચતમ ન્યાયાલયમાં** જઈ શકવાનો અધિકાર.

(2) ઉચ્ચતમ ન્યાયાલયને મૂળઅધિકારના સંબંધમાં જેમ કે, બંદી પ્રત્યક્ષીકરણ, પરમાદેશ, પ્રત્યાદેશ, ઉત્પ્રેષણ અધિકાર પૃચ્છા.

iamofficer.com

(3) સંસદને એવી શક્તિ છે કે એ કોઈપણ વિદ્યાલય ના સંબંધમાં નિર્દેશ, આદેશ કે અરજી જાહેર કરી શકે. જોકે એવું પૂર્વ કાયદાકીય તથા ઉપરોક્ત શક્તિઓના આધારે હોવું જોઈએ. અહી કોઈ અન્ય ન્યાયાલય ઉચ્ચ ન્યાયાલય સહિતનો સમાવેશ કરતો નથી. અનુ. ૨૨૬ માં નિર્ધારિત છે કે આ શક્તિ ઉચ્ચ ન્યાયાલયમાં નિહિત છે.

(4) બંધારણીય સિવાય અન્ય વ્યવસ્થાઓ માટે ઉચ્ચતમ ન્યાયાલયમાં જવાનો અધિકાર મોકૂફ રાખી શકાય નહી. રાષ્ટ્રપતિ કટોકટીમાં અનુ. 389 હેઠળ સ્થગિત કરી શકે.

- એવા પ્રશ્ન પુછાય કે, કઈ બાબતમાં **ઉચ્ચ ન્યાયાલય** ( High court) ની શક્તિ **ઉચ્ચતમ ન્યાયાલય** ( suprime court) કરતાં વધુ છે તે;

<u>જવાબ :</u> - **<u>અનુ. 32 હેઠળ</u>** ઉચ્ચતમ ન્યાયાલય માત્ર મૂળભૂત અધિકારોના અમલીકરણ સંબંધે ન્યાયાદેશ જાહેર કરી શકે છે જયારે હેઠળ **<u>અનુ. 226</u>** **<u>ઉચ્ચ ન્યાયાલય ' કોઈ પણ અન્ય ઉદ્દેશ્ય'</u>** હેઠળ ન્યાયાદેશ જાહેર કરી શકે છે. અર્થાત **<u>કોઈ સામાન્ય કાયદાકીય અધિકાર સંબંધે પણ</u>**. આમ, આ બાબતમાં **<u>ઉચ્ચ ન્યાયાલયની શક્તિ વધુ શક્તિશાળી</u>** છે.

| **સુપ્રીમ કોર્ટ** | **હાઇકોર્ટ** |
|---|---|
| **<u>અનુચ્છેદ – 32</u>** | **<u>અનુચ્છેદ – 226</u>** |
| **<u>સુપ્રીમ કોર્ટને રીટની</u>** સત્તા | **<u>હાઈકોર્ટને રીટની</u>** સત્તા |
| માત્ર **<u>મૂળભૂત અધિકારના</u>** હનન સંબંધે રીટ જાતે કાઢી શકે. | કોઈ પણ **<u>કાયદા સંબંધે રીટ કાઢી</u>** શકે. |
| અનુ. 32 હેઠળ ઈલાજો પોતાનામાં જ મૂળભૂત અધિકારો છે. આ ઉચ્ચતમ ન્યાયાલય પોતાના **<u>ન્યાયાદેશ (રીટ) ને નકારી શકે</u>** નહી. | જયારે 226 હેઠળ ઉચ્ચ ન્યાયાલય પોતાના ન્યાયાદેશના સંબંધમાં એના અમલીકરણને **<u>નકારી</u>** શકે છે. |
| કોઈ પણ **<u>વ્યક્તિ</u>** અથવા **<u>સરકાર</u>** સામે ન્યાયાદેશ (રીટ) કાઢી શકે. | માત્ર **<u>સંબંધિત</u>** રાજ્યના વ્યક્તિ અથવા પોતાન રાજ્યને સંબંધિત મુદ્દામાં અથવા બીજા રાજ્ય સાથે સંબંધિત હોય તો એની સામે **<u>રીટ કાઢી</u>** શકે. |

iamofficer.com

- <u>વિવિધ પ્રકારની (ન્યાયાદેશ) રીટ : -</u>

(1) **<u>બંદી પ્રત્યક્ષીકરણ</u>** : - **<u>હેબિયસ કોર્પસ</u>** : - **<u>to Have a body</u>** **અર્થાત '<u>શરીરને હાજર કરો</u>** : જ્યારે કોઈ વ્યક્તિની બીજા વ્યક્તિ દ્વારા અટકાયત લેવામાં આવે ત્યારે તેની અટકાયત કાયદેસરતા ના સંદર્ભે કાઢવામાં આવે છે. જો તેની અટકાયત કાયદેસર ન હોય તો તાત્કાલિક એને છોડી મુકવા જણાવવામાં આવે છે. પરંતુ આવી અટકાયતના સંબંધ નીચેના સંજોગોમાં રીટ કાઢી શકાય નહી જેમકે;

(1) અટકાયત કાયદો મંજુરી આપતો હોય.

(2) કાર્યવાહી કોઈ ધારાસભા કે કોર્ટના તિરસ્કાર બદલ થઈ હોય.

(3) ન્યાયાલય દ્વારા અટકાયત કરવામાં આવી હોય.

(4) અટકાયત ન્યાયાલયના કાર્યક્ષેત્ર બહાર થઇ હોય.

(2) **<u>પરમાદેશ ( મેન્ડામસ) :</u>** - કર્તવ્ય બજાવવા ફરજ પાડવા માટે – " **<u>અમે નિયંત્રિત કરીએ છીએ."</u>**

આ એક નિયત્રણ છે જે ન્યાયાલય દ્વારા જાહેર સેવકો સામે કાઢવામાં આવે છે, જેથી તેમના કર્યો અને આ કાર્યોને નકારવાના સંબંધમાં કાઢવામાં આવે છે. આ કોઈપણ જાહેર પરિષદ, અધીનસ્થ ન્યાયાલય, સરકાર સામે સમાન ઉદ્દેશ્ય માટે કાઢવામાં આવે છે. પરંતુ નીચેની બાબતોમાં **<u>પરમાદેશ કાઢી</u>** શકાય નહી, જેમ કે;

(1) **<u>ખાનગી એકમ – વ્યક્તિઓ</u>** સામે.

(2) **<u>ગૈર બંધારણીય</u>** વિભાગ સામે.

(3) જયારે ફરજ સ્વૈચ્છીક હોય, **<u>ફરજિયાત</u>** નહી.

(4) **<u>ભારતના રાષ્ટ્રપતિ, રાજ્યોના રાજ્યપાલ</u>**.

(5) **<u>ઉચ્ચ ન્યાયાલયના ન્યાયાધીશ</u>**.

(3) **પ્રતિષેધ** : - ( પ્રોહિબિટરી રીટ)

- શાબ્દિક અર્થ – સ્થગિત કરવું રોકવું. **અટકાવવું.**
- આ રીટ ઉચ્ચ ન્યાયાલય દ્વારા અધીનસ્થ ન્યાયાલાય સામે કોઈ કાર્યવાહી ન થઇ રહી હોય ત્યારે કાઢવામાં આવે છે. જે રીતે પરમાદેશ Direct સક્રિય છે એ રીતે પ્રતિષેધ **Direct** સક્રિય નથી.
- આ રીટ ફક્ત ન્યાયિક અથવા અલપ **ન્યાયિક પ્રાધિકરણ** વિરુધ્ધ જ કાઢવામાં આવે છે.

**<u>ઉત્પ્રેષણ - ( સર્ટિઓરરી રીટ)</u>** :

**<u>શાબ્દિક અર્થ</u>** : - **<u>'પ્રમાણિત હોવું', 'સુચના આપવી.'</u>**

- ઉચ્ચ અદાલતો નીચલી અદાલતોના દફતરોની ચકાસણી કરે છે.
- આ રીટ ઉચ્ચ ન્યાયાલય દ્વારા અધીનસ્થ ન્યાયાલય વિરુધ્ધ જાહેર કારણમાં આવે છે. ઉત્પ્રેષણ અને પ્રતિ બંને રીટ ન્યાયાલયો અથવા ન્યાયિક કે ન્યાયિકકલ્પ શક્તિઓનો પ્રયોગ કરનાર પ્રાધિકરણ વિરુધ્ધ આપવામાં આવે છે.

**<u>અધિકાર પૃચ્છા : - ( કવો – વોરન્તો રીટ)</u>**

- શાબ્દિક અર્થ – પ્રાધિકૃત યા વોરંટ એવો થાય છે.
- સત્તાને પડકારવા માટે
- આ રીટ કોઈ **<u>વ્યક્તિની જાહેર પદ પરની કાયદેસરતા તપાસે</u>** છે.
- આ રીટ કોઈપણ વ્યક્તિ દ્વારા કાઢવામાં આવી શકે છે. માત્ર પીડિત વ્યક્તિ દ્વારા જ નહી.

**<u>અનુ. – 33 -</u>** અનુ. ૩૩ સંસદને સત્તા આપે છે કે તે **<u>સશસ્ત્ર બળો, અર્ધ સૈનિક બળો, પુલીસ બળો, ખુફિયા એજંસિયો</u>** અથવા આ દળો, બ્યુરો કે સંગઠનના હેતુઓ માટે સ્થાપેલી **<u>ટેલીકો-મ્યુનિકેશન</u>** પદ્ધતિઓમાં કે તેના સંબંધમાં કામે રાખેલી વ્યક્તિઓ ના મૂળભૂત અધિકારો પર પ્રતિબંધ લગાવી શકે છે.

**<u>અનુ. – 34 -</u>** કોઈ વિસ્તારમાં **<u>લશ્કરી કાયદો</u>** અમલમાં હોય તે દરમિયાન આ ભાગથી અપાયેલ હકો ઉપર નિયંત્રણ

iamofficer.com

**અનુ. – 35** - આ ભાગની જોગવાઈઓને અસરકારક બનાવ્યા માટે કાયદા કરવા બાબત.

- કેટલાક મહત્વના મુદ્દા

(1) **પ્રથમ પછાત વર્ગ આયોગની રચના – 1953** માં કરવામાં આવી જેના અધ્યક્ષ **કાકા કાલેકર** હતા. આ આયોગ રીપોર્ટ **1955** માં પ્રસ્તુત કર્યો.

## મૂળભૂત ફરજો – 11

- **રશિયાના બંધારણમાંથી** લેવામાં આવેલી છે.
- મૂળભૂત ફરજો **42 માં બંધારણીય સુધારો- 1976** અંતર્ગત ઉમેરવામાં આવી છે.
- આ ફરજો સંદર્ભે **1976 માં કાંગ્રેસ સરકારે સરદાર સ્વર્ણસિંહ સમિતિની** રચના કરી, એની **ભલામણોના આધારે મુળભુત ફરજો** બંધારણના એક નવા **ભાગ -4 – 6** ને ઉમેરવામાં આવેલ છે. જેમાં માત્ર એક જ અનુચ્છેદ **51 ( B)** છે. જેમાં **કુલ – 10** મૂળભૂત ફરજો છે. **51 (A)** જે નીચે મુજબ છે.

(1) બંધારણને વફાદાર રહેવાની અને તેના આદર્શો અને સંસ્થાઓના **રાષ્ટ્રધ્વજનો** અને **રાષ્ટ્રગીતનો** આદર કરવાની.

(2)**આઝાદી માટેની આપણી રાષ્ટ્રીય લડતને પ્રેરણા આપનાર ઉમદા આદર્શોને** હૃદયમાં પ્રતિષ્ઠિત કરવાની અને અનુસરવાની.

(3)ભારતના **સાર્વભૌમત્વ એકતા અને અખંડિતતાનું** સમર્થન કરવાની અને તેનું **રક્ષણ** કરવાની.

(4)દેશનું **રક્ષણ** કરવાની અને **રાષ્ટ્રીય સેવા** બજાવવાની હાકલ થતાં તેમ કરવાની.

(5)**ધાર્મિક, ભાષાકીય, પ્રાદેશિક અથવા સાંપ્રદાયિક ભેદોથી** પર રહીને **ભારતના તમામ** લોકોમાં સુમેળ અને સમાન બંધુતાની ભાવનાની વૃધ્ધિ કરવાની; સ્ત્રીઓના **ગૌરવને અપમાન** કરે તેવા વ્યવહારો ત્યજી દેવાની;

(6)આપણી સમન્વિત **સંપત્તિના સમૃધ્ધ વારસાનું** મુલ્ય સમજી તે જાળવી રાખવાની;

(7)**જંગલો, તળાવો, નદીઓ** અને વન્ય પશુપક્ષીઓ સહિત કુદરતી પર્યાવરણનું **જતન** કરવાની અને તેની સુધારણા કરવાની અને જીવો પ્રત્યે અનુકંપા રાખવાની.

(8)**વૈજ્ઞાનિક માનસ, માનવતાવાદ અને જીજ્ઞાસા** તથા સુધારણાની ભાવના કેળવવાની.

(9)જાહેર **મિલકતનું રક્ષણ** કરવાની અને **હિંસાનો** ત્યાગ કરવાની'

(10)રાષ્ટ્ર પુરુષાર્થ અને સિધ્ધિના વધુ ઉન્નત સોપાનો ભણી સતત પ્રગતિ કરતું રહે માટે વૈયક્તિક અને સામુહિક પ્રવૃતિના તમામ ક્ષેત્રે શ્રેષ્ઠતા હાંસલ કરવાનો પ્રયત્ન કરવાની.

(11)માતાપિતાએ અથવા વાલીએ **છ થી ચૌદ** વર્ષ સુધીની વયના પોતાના બાળક અથવા પ્રથાપ્રસંગ, પાલ્યને શિક્ષણની તક પૂરી પાડવાની. ( આ ફરજ **86** માં બં. સુ. દ્વારા **(2002)** ઉમેરવામાં આવી છે.)

iamofficer.com

## પ્રકરણ – 3 રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંત

- રાજયનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોનો ઉલ્લેખ બંધારણના **ભાગ – 4** માં અનુ. **36 થી 51 માં** કરવામાં આવેલ છે.
- આ વિચાર **1937** નિર્મિત **આયર્લેન્ડના બંધારણમાંથી** લેવામાં આવ્યો છે. આયર્લેન્ડના બંધારણમાં આ **સ્પેનના બંધારણમાંથી** લેવામાં આવેલ.
- **ડૉ. આંબેડકરે** આને **' અનોખી વિશેષતા'** તરીકે મૂલવ્યા છે.
- **ગ્રેનવિલ ઓસ્ટિને DPSP** ને **"બંધારણના મૂળ આત્મા"** કહ્યા છે.

❖ **DPSP ની વિશેષતાઓ : -**

- **રાજયાનીતિના માર્ગદર્શક સિધ્ધાંત** જણાવે છે કે, રાજ્ય નીતીઓ અને કાયદાને પ્રભાવી બનાવતા સમયે આ તત્વો ( DPSP) ને ધ્યાનમાં રાખશે.
- **ભારત સરકાર અધિ – 1935** માં નિર્દેશક સિધ્ધાંતોને **' નિર્દેશોના હથિયાર'** તરીકે સ્થાપિત કરવામાં આવ્યા છે. **ડૉ. આંબેડકરના** શબ્દોમાં, **' રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંત'** એવા ઉપકરણો છે. જે ભારત સરકાર અધિ – **1935** અંતર્ગત **બ્રિટિશ** સરકારે દેશના ગવર્નર જનરલથી લઈને ઔપનિવેવિક ગવર્નર જનરલોને આપ્યા હતા. એટલે આને **' નિર્દેશોના હથિયાર'** પણ કહેવામાં આવ્યા છે.
- આધુનિક લોકતાંત્રિક રાજ્યમાં **આર્થિક, સામાજિક અને રાજકિય** વિષયોમાં DPSP મહત્વપૂર્ણ છે.

❖

- **નિર્દેશક તત્વોનો ઉદ્દેશ્ય ન્યાયમાં ઉચ્ચ આદર્શ, સ્વતંત્રતા, સમાનતા માટેનો છે. આનો ઉદ્દેશ્ય 'લોક કલ્યાણકારી રાજ્ય' નું** નિર્માણ કરવાનું છે, ' પુલિસ રાજ્ય' નું નહી, કેજે ઉપનિવેશ કાળમાં હતું. ટૂંકમાં **આર્થિક** અને **સામાજિક લોકતંત્રની** સ્થાપના કરવી.
- **(IMP)** નિર્દેશ તત્વોની પ્રકૃતિ **ગૈર – ન્યાયોચિત** છે. એટલે કે, **એના હનન બદલ ન્યાયાલય દ્વારા લાગું** કરી શકાય નહી. એટલે સરકાર DPSP ને લાગુ કરવા માટે બાધ્ય નથી. **બંધારણ ( અનુ. 37)** માં કહેવામાં આવ્યું છે કે રાજ્યની એ **ફરજ રહેશે કે કાયદો બનાવતી વખતે આ તત્વોને ધ્યાનમાં** રાખવા.
- આની પેકૃતિ ગૈર – ન્યાયોચિત હોવા છતાં અદાલત આને **કાયદાની બંધારણીય** માન્યતાના **વિવરણમાં જોવે છે**. ઉચ્ચતમ ન્યાયાલયે ઘાણીવાર એવી વ્યવસ્થા આપી છે કે કાયદાના નિર્માણ વખતે આ સિધ્ધાંતોના પ્રભાવ જોવા મળે છે. આનો સંબંધ **અનુ. 14 અને અનુ. 19** ના અંતર્ગત જોવામાં આવે છે.

❖ **નિર્દેશક તત્વોનું વર્ગીકરણ** -

બંધારણમાં આવું કોઈ વર્ગીકરણ કરવામાં આવ્યું નથી પરંતુ એની દશા અને દિશાના આધારે એનું **ત્રણ શ્રેણીમાં** વર્ગીકરણ કરવામાં આવ્યું છે.

1) **સમાજવાદી**
2) **ગાંધીવાદી**
3) **ઉદાર બુધ્ધિજીવી.**

**અનુ. 36** - **'રાજ્ય'** નો અર્થ **ભાગ – 3** માં છે તે જ થશે.

iamofficer.com

**અનુ. 37** – **ન્યાયાલયથી આ ભાગની** કોઈ જોગવાઈઓનો અમલ કરાવી શકાશે નહી. છતાં તેમાં દર્શા-
વેલા સિધ્ધાંતો દેશના રાજ્ય **વહીવટમાં મૂળભૂત** છે. અને કાયદા કરતી અને આ સિધ્ધાંતો
લાગું પાડવા તે રાજ્યની **ફરજ** છે.

**1) સમાજવાદી સિધ્ધાંત** : - આ **સિધ્ધાંત સામાજિક** અને **આર્થિક** ન્યાય પ્રદાન કરે છે. તથા **લોક કલ્યાણકારી**
રાજ્યની સ્થાપનાનો માર્ગ મોકળો કરે છે.

**અનુ. – 38** – **લોક કલ્યાણની** વૃધ્ધિ માટે રાજ્યે **સર્જવાની સામાજિક વ્યવસ્થા**. **લોકોના કલ્યાણ** અને
**સામાજિક** અને **આર્થિક ન્યાય** સાથે આર્થી **અસમાનતાને** ઓછી કરી **દુર કરવી**.

**અનુ. 39** – **રાજ્યે અનુસરવાના નીતિના** અમુક સિધ્ધાંતો : -

(ક) **પુરુષ અને સ્ત્રી નાગરિકોને આજીવિકાનું** પુરતું **સાધન મેળવવાનો** હક રહે.

(ખ) **સમાજની નૈતિક સાધનસામગ્રીની** માલિકી અને નિયંત્રણનું વિતરણ **લોકહિત** ઉત્તમ રીતે
સધાય એ રીતે થાય,

(ગ) અર્થતંત્રનું સંચાલન, સંપત્તિ અને ઉત્પાદનના સાધનોની લોકહિતને નુકસાન કરે તેવી
જમાવટમાં પરિણમે નહી.

(ધ) **સ્ત્રી – પુરૂષને સમાનકામ માટે સમાન વેતન** મળે.

(ચ) કર્મચારીઓના સ્વાસ્થ્ય અને શક્તિ અને બાળકોની કુમળી વયે દુરુપયોગ ન થાય તથા
તેવા રોજગારમાં ન પડવું પડે.

(છ) **બાળકોને વિકાસની** તક મળી રહે.

**અનુ. – 39. 3** – **સામાન્ય ન્યાય તથા ગરીબોને મફત કાનૂની સુવિધા, ઉપલબ્ધ કરાવવી.**

**અનુ. 40** – **ગ્રામ પંચાયતોની રચના.**

**અનુ. 41** – **બેરોજગારો, વૃધ્ધો**, વિકલાંગોને ઉચિત **શિક્ષણ** અને **જનસંયોગ** ઉપલબ્ધ ( પૂરો પાડવો)
કરાવવો.

**અનુ. 43** – **કામદારો માટે નિર્વાહ,** વેતન વગેરે. રાજ્ય ઘટતા કાયદા કરીને કે આર્થિક વ્યવસ્થા દ્વારા
અથવા બીજી રીતે ખેતીના, ઉદ્યોગના કે અન્ય તમામ પ્રકારના કામદારોને કામ, નિર્વાહ,
વેતન તેમ જ શિષ્ટ જીવનધોરણની અને ફુરસદના અને સામાજિક અને સંસ્કારીક તકો
ના પુરેપુરા ઉપયોગની ખાતરી આપતી તેમની પરિસ્થિતિ સિદ્ધ કરવા માટે પ્રયત્ન કરશે
અને ખાસ કરીને, ગ્રામ વિસ્તારોમાં વ્યક્તિગત અથવા સહકારી ધોરણે **ગૃહઉદ્યોગોની**
**અભિવૃદ્ધિ** કરવાનો પ્રયત્ન કરશે.

**અનુ. 43 – ૬** : - ઉદ્યોગના વહીવટમાં કામદારોની ભાગીદારી ઉદ્યોગ વહીવટમાં કર્મચારીઓની સહભાગીતા
તથા સુરક્ષાના પગલાં લેવા.

**અનુ. 47** – પોષણ અને જીવનધોરણ **ઉંચા લાવવાની** તથા જાહેર આરોગ્ય સુધારવાની રાજ્યની ફરજ.

iamofficer.com

(2) **ગાંધીવાદી સિધ્ધાંત : -** આ સિધ્ધાંત ગાંધીવાદી વિચારધારા પર આધારિત છે. ગાંધીજીના સપનાઓને સાકાર કરવા એમના **કેટલાક વિચારોને** આ DPSP માં લેવામાં આવ્યા છે. જે **રાજ્ય જોડે**થી અપેક્ષા રાખે છે કે;

**અનુ. ૪૦** – **ગ્રામ પંચાયતોની** રચના કરવા રાજ્ય પગલાં ભરશે અને **સ્વરાજ્યના એકમ** તરીકે તેઓ કાર્ય કરી શકે તે માટે તેમને જરૂરી સત્તા અને **અધિકાર આપશે.**

**અનુ. 43** - **ગ્રામ્ય ક્ષેત્રે કુટીર ઉદ્યોગને** પ્રોત્સાહન.

**અનુ. 46** – અનુ. જાતી, સનું. જનજાતિ આદિજાતિઓ અને બીજા નબળા વર્ગોના શૈક્ષિણક તથા આર્થિક હિતોની અભિવૃદ્ધિ. ટૂંકમાં તેમને અન્યાય અને શોષણથી સુરક્ષા પ્રદાન કરવી.

**અનુ. 47** – સ્વાસ્થ્ય માટે નુકસાનદાયક નશીલા **પ્રદાર્થો, મદિરા ડ્રગના ઉપભોગ** પર પ્રતિબંધ.

**અનુ.48** – **ખેતિ અને પશુપાલનની વ્યવસ્થા ગાઉં વાછરડાં અને અન્ય દુધાળું પશુઓની કતલ (બલી) પર પ્રતિબંધ તથા** તેમની સંખ્યા વધારવા માટે પ્રોત્સાહન.

(3) **ઉદાર બૌધ્ધિક સિધ્ધાંત** – **સ્વતંત્રતાની** વિચારસરણી પર આધારીત છે.

**અનુ.44** – **ભારતના રાજ્યક્ષેત્રેમાં** નાગરીકો માટે એક સરખો **દીવાની કાયદો** થાય તેમ કરવા માટે રાજ્ય પ્રયત્ન કરશે.

**અનુ. 45** – બાળપણમાં પ્રારંભીક દેખભાળ અને **છ** વરસની ઉમંર ત્યાર પછી શિક્ષણની વ્યવસ્થા પૂરી પાડતી જોગવાઈ કરવાનો પ્રયત્ન કરશે.

**અનુ.48** – **પશુ ચિકત્સા** તથા **કૃષિમાં** આધુનિકરણ અને વૈજ્ઞાનિક ધોરણે વ્યવસ્થા.

**અનુ.48 – (ક)** - **પર્યાવરણની સુરક્ષા, વન્યજીવો અને વનોની સુરક્ષા.**

**અનુ. 49** – **રાષ્ટ્રીય મહત્વના સ્મારકોને અને સ્થળો અને વસ્તુઓનું રક્ષણ.**

**અનુ. 50** - રાજ્ય સેવાઓમાં **ન્યાયતંત્રને કારોબારીથી અલગ કરવા રાજ્ય પગલાં** ભરશે.

**અનુ. 51** – અન્ય : - પ્રયત્નશીલ રહેશે.

- **આંતરરાષ્ટ્રીય શાંતિ** અને **સલામતીની** અભિવૃધ્ધિ કરવા.
- **રાષ્ટ્રને વચ્ચે ન્યાયી** તથા **માનભર્યા** સંબંધો નિભાવવા.
- સંગઠિત પ્રજાઓમાં એકબીજા સાથે વ્યહારમાં આંતરરાષ્ટ્રીય કાયદા અને સંધીઓને લગતી ફરજો પ્રત્યે આદર કરવા.
- લવાદી દ્વારા આંતરરાષ્ટ્રીય તકરારની પતાવતને ઉત્તેજન આપવા.

iamofficer.com

❖ <u>તફાવત</u>

| <u>મૂળભૂત અધિકારો</u> | <u>રાજ્યનીતીના માર્ગદર્શક સિધ્ધાંતો</u> |
|---|---|
| 1. આ નકારાત્મક છે જેમ કે, રાજ્યને કેટલીક બાબતો પર કાર્ય કરતાં રોકે છે. | 1. હકારાત્મક છે. રાજ્યની કેટલીક બાબતો માટે આની જરૂરીયાત રહે છે. |
| 2. આ ન્યાયોચિત છે. આના હનન બદલ ન્યાયાલય દ્વારા લાગુ કરાવી શકાય છે. | 3. ગૈર – ન્યાયોચિત છે. ન્યાયાલય દ્વારા લાગુ કરી શકાય છે. |
| 4. આનું લક્ષ્ય દેશમાં લોકતાંત્રિક રાજ્યવ્યવસ્થા સ્થાપિત કરવાનું છે. | 3 ઉદ્દેશ્ય સામાજિક – આર્થિક લોકતંત્રની સ્થાપના કરવાનું છે. |
| 5. આ કાયદાકીય રીતે માન્ય છે. | 4 આને નૈતિક – રાજકીય માન્યતા પ્રાપ્ત છે. |
| 6. વ્યક્તિગત કલ્યાણને પ્રોત્સાહન આપે છે. આ રીતે, વૈક્તિક છે. | 5 સમુદાય કલ્યાણને પ્રોત્સાહિત કરે છે, આ રીતે સામાજિક છે. |
| 7. લાગું કરવા કાયદાની જરૂરિયાત નથી. સ્વત : લાગું છે. | 6 લાગું કરવા કાયદાની આવશ્યકતા (જરૂરી) પડે છે. સ્વત : લાગુ નથી થતાં. |
| 8. ન્યાયાલય, કોઈ પણ મૂળઅધિકારના હનન બદલ એ કાયદાને ગૈર – બંધારણીય ‘શૂન્ય’ જાહેર કરી શકે છે. | 7 કોઈ નિર્દેશક સિધ્ધાંતના હનન બદલ ન્યાયાલય કોઈ કાયદાની જાહેરાત કરી શકે નહી. જો કે, આજે કાયદાકીય માન્યતા આપી પ્રભાવી બનાવી શકાય. |

❖ <u>**ટકરાવ –**</u> વર્તમાન સ્થિતિમાં મૂળ અધિકાર **DPSP** કરતાં ઉચ્ચતર છે પરંતુ **DPSP** ને પણ લાગું કરી શકાય છે. સંસદ DPSP ને લાગું કરવા મૂળભૂત અધિકારોમાં સંશોધન કરી શકે છે. પરંતુ તેમાં બંધારણના મૂળ ઢાંચામાં ( પરિવર્તન) ક્ષતિ ન થવી જોઈએ.

**(4) Judiciary ( ન્યાયતંત્ર )**

<u>**અનુચ્છેદ – 124 -**</u> <u>**ઉચ્ચતમ ન્યાયાલયોની સ્થાપના અને રચના**</u>

(1) ભારતનું <u>**એક ઉચ્ચતમ ન્યાયાલય**</u> રહેશે, જે ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનું અને કાયદાથી સંસદ વધુ સંખ્યા કરાવે નહી ત્યાં સુધી વધુમાં વધુ સાત ન્યાયાધિશનું બનશે.

(2) પોતે આ હેતુ માટે જરૂરી ગણે તેવા ઉચ્ચતમ ન્યાયાલય અને રાજ્યોના ઉચ્ચ ન્યાયાલયોના ન્યાયાધીશો સાથે વિચાર વિનિમય કર્યા પછી, <u>**રાષ્ટ્રપતી પોતાના સહી સિક્કાવાળા**</u> <u>**આદેશપત્રથી ઉચ્ચતમ ન્યાયાલયના દરેક ન્યાયાધીશને નીમશે**</u>, જે પાંસઠ વર્ષની ઉંમર થાય ત્યાં સુધી હોદ્દો ધરાવી શકશે. પરંતુ મુખ્ય ન્યાયમૂર્તિ સિવાયના કોઈ ન્યાયાધિશની નિમણુંકની બાબતમાં હંમેશા <u>**મુખ્ય ન્યાયમૂર્તિ**</u> સાથે વિચારવિનિમય કરવામાં આવશે.

iamofficer.com

વધુમાં ;

- કોઈ **ન્યાયાધિશ, રાષ્ટ્રપતિને** સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના **હોદ્દાનું રાજીનામું આપી શકાશે**;

124 (૨) ક : - સંસદ કાયદાથી ઠરાવે એના સતાધિકારી દ્વારા અને તેવી રીતે ઉચ્ચતમ ન્યાયાધીશ-
ની ઉંમર નક્કિ કરવામાં આવે છે.

124 (3) : -**ન્યાયાધિશ માટેની લાયકાત.**

**ભારતના નાગરિક હોવા જોઈએ.**

(ક) કોઈ **ઉચ્ચ ન્યાયાલયની** અથવા એક પછી એક બે કે થી વધુ **ઉચ્ચ ન્યાયાલયોની ઓછા માં ઓછા પાંચ વર્ષથી સુધી ન્યાયાધીશ** રહેલા હોય અથવા

(ખ) **કોઈ ઉચ્ચ ન્યાયાલય** અથવા એક પછી એક બે વધુ **ઉચ્ચ ન્યાયાલયોની ઓછામાં ઓછા દસ વર્ષ સુધી એડવોકેટ** રહ્યા હોય અથવા

(ગ) રાષ્ટ્રપતિના અભિપ્રાય પ્રમાણે નામાંકિત કાયદા નિષ્ણાંત હોવા જોઈએ.

**અનુ. 124 (4) – મહાભિયોગ – ઉચ્ચતમ ન્યાયાલયના ન્યાયાધીશને હટાવવાની પ્રક્રિયા**

સાબિત થયેલ ગેરવર્તુક અથવા અપાત્રતાને કારણે ઉચ્ચતમ ન્યાયાલયના કોઈ ન્યાયાધીશને હોદ્દા પરથી દેર કરવા **માટે સંસદના દરેક ગૃહે** તે ગૃહની કુલ સભ્ય સંખ્યાની બહુમતીના તથા તે ગૃહના હાજર રહીને મત આપનારા ઓછામાં **ઓછા** $\frac{2}{3}$ સભ્યોની બહુમતીના ટેકાવાળું નિવેદન રાષ્ટ્રપતિ સમક્ષ એક જ સત્રમાં સજું કર્યું હોય તે પછી રાષ્ટ્રપતિએ કરેલ હુકમ સિવાય, તેમને હોદ્દા પરથી દુર કરી **શકાશે નહી.**

**અનુ. 124 (5)** – ઉપરોક્ત ખંડ (4) હેઠળ નિવેદન સજું કરવા માટેની અને ન્યાધીશની ગેરવર્તુણક કે અપાત્રતાની તપાસ અને સાબિતી માટેની કાર્યરીતી નું નિયમન સંસદ કાયદાથી કરી શકાશે.

**અનુ. 124(6) – રાષ્ટ્રપતિ સમક્ષ હોદ્દાના શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈએ** તથા પ્રતિજ્ઞાપત્ર પર પોતાની સહી કરશે.

**અનુ.124 (7)** – આ હોદ્દો ધરાવી મુકેલ વ્યક્તિ ભારતના રાજ્યક્ષેત્રની અંદરના કોઈ ન્યાયાલય અથવા સત્રાધારી સમક્ષ વકીલાત કે કામકાજ કરી શકાશે નહી.

**અનુ. 125 – ન્યાયાધીશનો** પગાર વગેરે.

(1) **સંસદે કરેલા કાયદાથી નક્કિ કરવામાં આવે તેવો પગાર** અને તે અર્થે જોગવાઈ કરવામાં ન આવે ત્યાં સુધી **બીજી અનુંસુચિતમાં** નિર્દિષ્ટ કરેલ પગાર આપવામાં આવશે.

(2) વિશેષાધિકાર, ભથ્થા, રની વગેરેની જોગવાઈ.

**અનુ.126 - કામચલાઉ મુખ્ય ન્યાયમૂર્તિ નિમણુંક.**

મુખ્ય ન્યાયમૂર્તિનો હોદ્દો ખાલી હોય ત્યારે રાષ્ટ્રપતિ ન્યાયાધીશો પૈકી કોઈ એકની કામચલાઉ નિમણુંક કરશે.

**અનુ. 127 – ત્તદર્થ ન્યાયાધીશોની નિમણુંક.**

iamofficer.com

જો કોઈ સમયે **ઉચ્ચતમ ન્યાયાલયનું** સત્ર યોજવા જો કોઈ સમયે જરૂરી કોરમ ન થાય તો **ઉચ્ચ ન્યાયાલયના** ન્યાધીશને આ જગ્યાએ ત્તદર્થ નિમણુંક આપી શકાશે.

**અનુ.128** – ઉચ્ચતમ ન્યાયાલયોની બેઠકમાં નિવૃત ન્યાયાધીશની હાજરી.

